Ontario

**NEWS**

**Ministry of Finance**

# ઓન્ટારિયોનો એક્શન પ્લાન: COVID-19 નો સામનો

*પ્રમુખ Ford અને મંત્રી શ્રી Phillips જાહેર કરે છે વધારાના સ્વાસ્થ્ય સંભાળ સંસાધનો અને લોકો, રોજગાર અને નોકરીદાતાઓ માટે સમર્થન*

**સમાચાર** 25 માર્ચ 2020

ટોરોન્ટો (TORONTO) — આજે, નાણામંત્રી Rod Phillips એ ઓન્ટારિયોનો એક્શન પ્લાન રજૂ કર્યો: *COVID-19 (માર્ચ 2020 નો આર્થિક અને નાણાકીય અપડેટ)નો સામનો.*

સરકારનો એક્શન પ્લાન COVID-19 સામેની પ્રતિક્રિયા તરીકે પ્રથમ પગલું છે અને તેમાં સ્વાસ્થ્ય સંભાળ પ્રણાલી માટેના વધારાના સંસાધનો અને લોકો તેમજ રોજગારની સીધી સહાયતા માટે $7 બિલિયનનો સમાવેશ થાય છે. તે કર અને અન્ય સ્થગિત કર દ્વારા લોકો અને તેઓના વ્યવસાયો કેશ ફ્લોમાં સુધારો કરવા, રોજગાર અને ઘરની આવકને સુરક્ષિત રાખવા માટે $10 બિલિયનની સહાય પણ કરશે.

આ $17 બિલિયન રજૂ કરવાનું પગલું આગળ જતા પડકારો આવે ત્યારે આપણી સ્વાસ્થ્ય સંભાળ પ્રણાલીને સુનિશ્ચિત રાખવા, સમુદાયો અને અર્થવ્યવસ્થાને તૈયાર રાખવા માટેનું એક મહત્વપૂર્ણ પ્રથમ ચરણ કહી શકાય. આ યોજનામાં ઐતિહાસિક દૂરંદેશી જોવા મળે છે, જેમાં સામેલ છે COVID-19 માટે વધારાનાં સ્વાસ્થ્ય સંભાળ નિવેશોનાં ભાગ રૂપે $1 બિલિયનનું કટોકટી ભંડોળ, તેમજ અભૂતપૂર્વ $2.5 બિલિયન આરક્ષિત રાખેલ છે અને બદલાતી વૈશ્વિક પરિસ્થિતિઓ સામે સતત પરિવર્તનક્ષમ પ્રતિક્રિયા આપવા વધારો કરેલ $1.3 બિલિયનનું કટોકટી ભંડોળ છે.

ઓન્ટારિયોનાં લોકોના સ્વાસ્થ્ય અને સુખાકારીનું સંરક્ષણ કરવા વધારાના સ્વાસ્થ્ય સંભાળ સંસાધનો માટે આ યોજનામાં $3.3 બિલિયનનો સમાવેશ થાય છે.

મંત્રી Phillips એ જણાવ્યું હતું કે “નાણા મંત્રી તરીકે, હાલમાં મારી પ્રથમ અગ્રીમતા તે સુનિશ્ચિત કરવાનું છે કે આપણાં ફ્રન્ટ-લાઇન આરોગ્ય સંભાળ વ્યાવસાયિકો પાસે COVID-19 નાં પ્રકોપ સામે લડવા તેઓ પાસે આવશ્યક સંસાધનો હોય". "ઓન્ટારીયોના લોકોને વિશ્વાસ છે કે અમે તેઓનાં સ્વાસ્થ્ય અને સુખાકારીના સંરક્ષણ માટે જે કંઈ પણ પગલાં લેવા પડશે તે લઈશું. આ વધારાના સંસાધનો હૉસ્પિટલની ક્ષમતામાં વધારો કરશે, આપણા પ્રિયજનોને લાંબા ગાળાની સંભાળમાં સુરક્ષિત રાખશે, અને આપણા સાર્વજનિક આરોગ્ય અધિકારીઓને રોગનાં ફેલાવાને ધીમો પાડવા અને અટકાવવાના કાર્યમાં સહાય કરશે."

**સ્વાસ્થ્ય**

- COVID-19 નાં પ્રકોપ સંબંધિત ઉદ્ભવતી જરૂરિયાતો માટે $1.0 બિલિયનનું COVID-19 કટોકટી ભંડોળ સમર્પિત કરવા પ્રતિબદ્ધ છે.

- હૉસ્પિટલ સેક્ટર માટે $ 935 મિલિયનનું નિવેશ કરેલ છે, જેમાં સામેલ છે $594 મિલિયન ક્ષમતાના મુદ્દાઓને ધ્યાનમાં લેવાની સરકારની પ્રતિબદ્ધતાની પ્રગતિને વેગ આપવા માટે, તેમજ વધારાની 1,000 એક્યુટ કેર (આત્યંતિક સંભાળ) અને અને 500 ક્રિટિકલ કેર બેડ તેમજ વધારાના મૂલ્યાંકન કેન્દ્રો માટે $341 મિલિયન.
- COVID-19ની દેખરેખ, જાપ્તો, અને પ્રયોગશાળા અને ગૃહ પરીક્ષણને સહાય કરવા સાર્વજનિક આરોગ્ય ભંડોળમાં $160 મિલિયનનો વધારો કરે છે, ઉપરાંત વાસ્તવિક સંભાળ Telehealth Ontario (અને ટેલિહેલ્થ ઓન્ટારિયો) માં પણ નિવેશ કરાશે.
- દીર્ઘકાલીન સંભાળ ક્ષેત્રમાં ક્ષમતામાં વધારો કરવા માટે તેમજ 24/7 સ્ક્રીનિંગ માટેનાં ભંડોળ, ચેપ નિયંત્રણને સહાય કરવા વધુ સ્ટાફ, અને COVID-19 નાં પ્રકોપને નાથવામાં મદદરૂપ થવા માટે પુરવઠા અને સાધન માટે $243 મિલિયનનું નિવેશ કરે છે.
- COVID-19 નો સામનો કરવા માટે ફ્રન્ટ લાઇન સ્ટાફને વ્યક્તિગત રક્ષણાત્મક સાધન અને જટિલ તબીબી પુરવઠા પૂરા પાડવા માટે $75 મિલિયનનું નિવેશ કરે છે.

એક્શન પ્લાનના ભાગરૂપે, પ્રોવિન્સે લોકોને સીધી અને તાકીદે સહાય કરવા અને રોજગારોને સુરક્ષિત રાખવા માટે $3.7 બિલિયનની જાહેરાત પણ કરી છે.

મંત્રી શ્રી Phillips એ જણાવ્યું હતું કે “ આ વૈશ્વિક મહામારી દરમિયાન, હું ઇચ્છું છું કે ઓન્ટારિયોના લોકો તેઓના સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરે — તેઓનાં રોજગાર છૂટવા અંગે કોઇ ચિંતા ન કરે અથવા અનપેક્ષિત વધારાના ખર્ચાને પહોંચી વળવા તેઓ કેવી રીતે બે છેડા ભેગા કરે તે અંગે કોઇ ચિંતા ન કરે. અમે ઓન્ટારિયોમાં રહેતા પ્રત્યેક વ્યક્તિનાં જીવનને થોડું વધારે બહેતર કરવામાં મદદરૂપ થઈ રહ્યા છીએ, અને સાથે જ જે લોકોને સૌથી વધુ જરૂરિયાત હોય તેઓને વધારાનો ટેકો પૂરો પાડી રહ્યા છીએ.”

COVID-19ના પ્રકોપનો સામનો કરવાને મજબૂત બનાવવા અને લોકો, પરિવારો, કામદારો અને નોકરીદાતાઓને સહાય કરવા માટે સરકારી યોજનાની મુખ્ય પહેલોમાં નીચેની બાબતો સામેલ છે:

**લોકો અને રોજગાર**

- COVID-19 નાં પ્રકોપ દરમિયાન ખાનગી શાળામાં ભરતી થયેલ બાળકો સહિત 12 વર્ષ સુધીની વયનાં બાળક દીઠ $200ની એક-વખતની ચુકવણી અને વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા બાળકો માટે $250ની ચુકવણી કરીને શાળા અને ડે-કેર બંધ રહેવાને કારણે થયેલ વધારાના ખર્ચા ચૂકવવામાં પરિવારોને મદદ કરશે.
- છ મહિના સુધી ઓછી આવક ધરાવતા વરિષ્ઠો માટે Guaranteed Annual Income System (GAINS – ગેરેન્ટેડ એન્યુઅલ ઇન્કમ સિસ્ટમ) ની ચુકવણી બમણી કરવાની દરખાસ્ત.
- *2020-21માં વીજળી ખર્ચ રાહત પ્રોગ્રામ્સ માટે આશરે $5.6 બિલિયન પ્રદાન કરીને લાયકાત ધરાવતા રહેઠાણ, ફાર્મ અને નાના ધંધાદારી ગ્રાહકોને પરવડે તેવા વીજળી બિલ અંગે મદદરૂપ થવું જે 2019નાં અંદાજપત્રની યોજનાની તુલનાએ આશરે $1.5 બિલિયન જેટલું વધારે છે.*

- રહેઠાણ, ફાર્મ અને નાના ધંધાદારી ગ્રાહકોને 24 કલાક 45 દિવસો સુધી ઑફ-પીક પ્રાઇસ તરીકે ઓળખાતા સૌથી ઓછા દરે વિજળીની કિંમત નક્કી કરી વધુ કિફાયતી વિજળીના બિલથી મદદરૂપ થવું જેથી રેટપેયરોને તેઓના વધી ગયેલ વિજળીના વપરાશમાં COVID-19ના પ્રકોપનો સામનો કરતી વખતે સહાય મળે જેનાથી ટાઇમ-ઓફ-યુઝ મિટરીંગની ચિંતાઓ ધ્યાન પર લેવાઇ જશે.
- Employer Health Tax (EHT – એમ્પ્લોયર હેલ્થ ટેક્સ) ની છૂટમાં હંગામી વધારો કરીને લગભગ 57,000 એમ્પ્લોયર્સ (નિયોક્તા) માટે વેરામાં $355 મિલિયન જેટલી રાહત.
- Low-income Energy Assistance Program (LEAP – લો-ઇન્કમ એનર્જી આસિસ્ટન્સ પ્રોગ્રામ) માટેની યોગ્યતાનો વ્યાપ વધારીને પરિવારોને તેઓનાં ઊર્જા બિલો માટે $9 મિલિયનની સીધી સહાય પ્રદાન કરવી, તેમજ તે સુનિશ્ચિત કરવું કે તેઓની વિજળી અને નેચરલ ગેસની સેવા COVID-19 નાં પ્રકોપ દરમિયાન ચુકવણી ન કરવાને લીધે બંધ ન થાય.
- ફ્રન્ટ-લાઇન પર કાર્ય કરી રહેલ માતા-પિતાઓ જેમ કે, આરોગ્ય સંભાળ કાર્યકરો, પોલીસ અધિકારીઓ, અગ્નિશમન દળના સૈનિકો અને કરેકશ્નલ ઓફિસરોને સહાય કરવા માટે આપાતકાલીન બાળ સંભાળ વિકલ્પો પ્રદાન કરવા.
- ઓન્ટારિયો વર્ક્સ દ્વારા સંચાલિત કટોકટી સહાયતા કાર્યક્રમનું એક્સેસ વધારીને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહેલ લોકોને આર્થિક સહાય પ્રદાન કરવી અને આ જાહેર આરોગ્ય કટોકટી દરમિયાન વધુ લોકોને ખોરાક અને ભાડા જેવી મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવામાં મદદ કરવી.
- COVID-19નો સામનો કરવાની તેઓની ક્ષમતામાં સુધારો કરવા સખાવતી અને બિન-નફાકારી સામાજિક સેવા સંગઠનો જેમ કે, ફૂડ બેંકો, બેઘર લોકો માટેનાં આશ્રયસ્થાનો, ચર્ચો અને આપાતકાલીન સેવાઓ માટે $148 મિલિયન જેટલો ભંડોળનો વધારો કરીને Consolidated Municipal Service Managers (કન્સૉલિડેટેડ મ્યુનિસિપલ સર્વિસ મેનેજર્સ) અને District Social Service Administration Boards (ડિસ્ટ્રિક્ટ સોશ્યલ સર્વિસ એડમિનિસ્ટ્રેશન બૉર્ડ્સ)ને સીધું ભંડોળ પ્રદાન કરવું, જેઓ આ ભંડોળને સ્થાનિક જરૂરિયાતોને આધારે ફાળવશે.
- Ontario Student Assistance Program (OSAP – વિદ્યાર્થીઓ માટે ઓન્ટારિયો સ્ટુન્ડન્ટ આસિસ્ટન્સ પ્રોગ્રામ) ની લોન અને વ્યાજ ઉપાર્જન રાહત છ મહિના સુધી આપવી જેથી, લોકો પાસે વધુ પૈસા બાકી રહે.
- પ્રસ્તાવિત નવી Corporate Income Tax Credit (કોર્પોરેટ ઇન્કમ ટેક્સ ક્રેડિટ) Regional Opportunities Investment Tax Credit (રીજનલ ઑપર્ચ્યૂનિટિસ ઇન્વેસ્ટમેન્ટ ટેક્સ ક્રેડિટ) થી એવા સપોર્ટ રીજનને મદદ કરવી જેઓ રોજગાર વૃદ્ધિમાં પાછળ રહી ગયા હોય.
- નાણાંકીય જરૂરિયાતવાળા શહેરી તળપદા લોકો સહિત તળપદા લોકો અને સમુદાયો માટે આપાતકાલીન સહાયતા અને દૂરદરાજનાં ફર્સ્ટ નેશન્સ (First Nations) સુધી આરોગ્ય સંભાળ વ્યવસાયિકો અને મહત્વપૂર્ણ પુરવઠાઓના ખર્ચને પહોંચી વળવા $26 મિલિયનની વધારાની સહાય આપવી.

આવનાર મહિનાઓમાં સરકારની યોજનામાં એવા પગલાં પણ સામેલ છે જે તેઓનાં કેશ ફ્લોને સુધારવા માટે કર અને અન્ય સ્થગિત કર દ્વારા લોકો અને ઉદ્યોગોને સહાય કરવા માટે $10 બિલિયન ઉપલબ્ધ કરાશે, જેમાં નીચેની બાબતો સામેલ છે:

- વ્યવસાયો માટે મોટા ભાગનાં પ્રાંતીય સંચાલિત કર ફાઇલ કરી તેના ચૂકવણાં માટે છ મહિનાનું વ્યાજ અને દંડની રાહત આપવા $6 બિલિયન ઉપલબ્ધ કરવા.
- આવતા જૂનની 30મીએ સુધરાઇ દ્વારા ચૂકવવાપાત્ર ત્રિમાસિક એજ્યુકેશન પ્રોપર્ટી ટેક્સને 90 દિવસ મુલતવી કરી $1.8 બિલિયન કરતા વધુની જોગવાઇ જે સુધરાઇઓને પરિવર્તનક્ષમતા પ્રદાન કરશે, જેથી જેઓ એમના સ્તરે રહેવાસીઓ અને વ્યવસાયોને મિલકત વેરા મુલતવી રાખવાની ક્ષમતા પૂરી પાડવા સાથે સુનિશ્ચિત કરશે કે સ્કૂલ બૉર્ડને તેઓનું ભંડોળ પ્રાપ્ત થવું ચાલુ રહે.
- વર્કપ્લેસ સેફટી એન્ડ ઈન્સ્યોરન્સ બોર્ડ (WSIB) દ્વારા $1.9 બિલિયન ઉપલબ્ધ કરી એમ્પ્લોયરોને છ મહિના સુધી ચુકવણીઓ મુલતવી રાખવાની છૂટ આપવી.

મંત્રી શ્રી Phillips એ જણાવ્યું હતું કે "અમે વ્યવસાયો અને લોકો પર ભારણ ઓછું કરવા માટે જવાબદાર પગલાં લઈ રહ્યા છીએ". "સાથે જ, આ પગલાંથી આ અનિશ્ચિત સમયમાં વ્યવસાયો અને લોકોને, રોજગાર તેમજ ઘરની આવકને સુરક્ષિત રાખવા માટે $10 બિલિયનનો કેશ ફ્લો છૂટો થાય છે."

**હકીકતોનો ટૂંકસાર**

- *માર્ચ 2020* નો *આર્થિક અને નાણાકીય અપડેટ* (*Economic and Fiscal Update*) આગામી વર્ષ માટે યોજનાની ધારણાઓ પૂરી પાડે છે. સરકાર સમગ્ર વર્ષ દરમ્યાન પ્રોવિન્સનાં આર્થિક અને નાણાકીય અભિગમનાં નિયમિત અપડેટ્સ પૂરા પાડવાનું ચાલુ રાખશે.
- 2019–20 માં *પ્રોવિન્સ $9.2 બિલિયનની ખાધ આગળ ધપાવી રહ્યું છે, જે 2019નાં બજેટનાં સાપેક્ષમાં $1.1 બિલિયનનો સુધારો છે.* COVID-19 નાં પ્રકોપનો સામનો કરવાનાં પરિણામરૂપ, સરકાર 2020–21માં $20.5 બિલિયનની ખાધની યોજના કરી રહી છે.
- ઓન્ટારિયોએ 2020–21 માટે $2.5 બિલિયન આરક્ષિત રાખેલ છે જે આજ સુધીનાં ઇતિહાસમાં સૌથી વધું છે.
- સરકાર 15 નવેમ્બર 2020 સુધીમાં મલ્ટિ-યર પ્રોવિન્શિયલ બજેટ રજૂ કરશે. આ જવાબદાર અભિગમ સરકારને આર્થિક સ્થિતિનું આકલન કરવાનું ચાલુ રાખવાની અને સૌથી તાજેતરના અને વિશ્વસનીય ડેટાને આધારે દીર્ઘકાલીન અભિગમ અપનાવવાની અનુમતિ આપશે.

## વધારાના સંસાધનો

- *ઓન્ટારિયોનો એક્શન પ્લાન:* COVID-19નો *સામનો* (માર્ચ *માર્ચ 2020* નો *આર્થિક અને નાણાકીય અપડેટ*)
- COVID-19 અંગેની માહિતી

---


**મિડિયા સંપર્કો**

**ontario.ca/finance-news**
*Disponible en français*

**Emily Hogeveen**
મિનિસ્ટર્સ ઓફિસ

647-294-6166
Emily.Hogeveen@ontario.ca

**Scott Blodgett**
કમ્યુનિકેશન્સ શાખા

416-728-9791
Scott.Blodgett@ontario.ca